# દીક્ષા એપ

દીક્ષા (*DIKSHA*) એપ 2017માં શરૂ થઈ હતી.
સમગ્ર દેશ માટે એક દીક્ષા પ્લેટફોર્મ છે.
શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે તે એક કસ્ટમાઇઝ પ્લેટફોર્મ છે
તેનો ઉપયોગ હાલમાં દેશભરના શિક્ષકો (સરકારી અને ખાનગી સંસ્થાઓ બંને દ્વારા) તમામ ધોરણો માટે વિદ્યાર્થીઓને અનેક ખ્યાલો શીખવામાં મદદ કરવા માટે કરવામાં આવે છે.
વપરાશકર્તાની સરળ સમજણ માટે પોર્ટલ ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ છે.
તેના મુખ્ય સાત કાર્યક્ષેત્ર જોવા મળે છે (1) શિક્ષકની પ્રોફાઇલ અને નોંધણી નંબર (2) શીખવા અને શીખવવાની સામગ્રી (3) સામગ્રી નિર્માણ મંચની (4) શિક્ષક વ્યવસાયિક (5) શાળાકીય નેતૃત્વનો વિકાસ (6) મૂલ્યાંકન અને (7) નવીનીકરણ અને નવીન શિક્ષણશાસ્ત્ર

*DIKSHA)* એ શિક્ષકો માટે શિક્ષણ મંત્રાલય (*ML*) નું રાષ્ટ્રીય ડિજિટલ પ્લેટફોર્મ છે. એ અધ્યયન, અધ્યાપન માટે તેમજ શિક્ષણમાં વ્યાવસાયિક વિકાસ માટે સંસાધનો પ્રદાન કરે છે. *DIKSHA* એ એક રાષ્ટ્રીય ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, જેનો ઉપયોગ રાજ્ય તેમની સંબંધિત શિક્ષક કેન્દ્રિત વિકાસ કાર્યક્રમ માટે કરી શકે છે. શિક્ષકો તમામ ભારતીય ભાષાઓમાં બધા વિષયો અને કક્ષાઓ માટે ઉચ્ચ ગુણવત્તાના અધ્યયન અધ્યાપન અને મૂલ્યાંકન સંદર્ભેના સંસાધનો પ્રાપ્ત કરવા તેમજ સંસાધનો તૈયાર કરવા માટે *DIKSHA* નો ઉપયોગ કરી શકે છે.

*DIKSHA* પ્લેટફોર્મ એ એક ઓપન એજ્યુકેશનલ રિસોર્સ છે, જે શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને નિર્ધારિત થયેલ શાલેય અભ્યાસક્રમ સાથે સંબંધિત શીખવા-શીખવવાની સામગ્રી પ્રદાન કરે છે. શિક્ષકો પાસે પાઠ

આયોજન, વર્કશીટ્સ. પ્રવૃત્તિઓ, આનંદદાયક વર્ગખંડના અનુભવો બનાવવા માટે સહાયરૂપ બની શકે છે. વિદ્યાર્થીઓ વિવિધ સંકલ્પનાઓને સમજે છે, પાઠ સુધારે છે. મહાવરો કરે છે અને સ્વાધ્યાય કાર્ય પૂર્ણ કરે છે. વાલી વર્ગખંડોની પ્રવૃત્તિઓનું ઘરમાં અનુકરણ કે અમલીકરણ કરી શકે છે અને શાળાના સમય બાદની મુંઝવણો અને શંકાઓને સ્પષ્ટ કરી શકે છે. આ પ્લેટફોર્મનો હેતુ *'Our Teacher, Our Heroes'* ઉક્તિને સાર્થક બનાવવાનો છે.

એ સંશોધન દ્વારા સ્થાપિત થયેલ છે શિક્ષકો શાળાની અન્ય કોઈપણ પ્રવૃત્તિઓ કરતા વિદ્યાર્થીઓની સિદ્ધિને વધુ મહત્વ આપે છે; જે શિક્ષણમાં સૌથી વધુ સહમત દલીલોમાંની એક છે. આથી, શિક્ષકોને બાળકોની સિદ્ધિ વધારવા માટે પાઠ્યપુસ્તકો ઉપરાંત અન્ય વિવિધ પ્રકારના સંદર્ભ સાહિત્યો તેમજ સંસાધનોની જરૂરિયાત રહેતી હોય છે. શિક્ષકોની સાથે વાલીઓને પણ ઘરમાં બાળકો સાથે સ્વાધ્યાયકાર્ય કે પુનરાવર્તન કરાવવા માટે પણ સંસાધનોની જરૂરિયાત હોય છે. શિક્ષકો તેમજ વાલીઓની આ જરૂરિયાત *DIKSHA* પોર્ટલ દ્વારા સંતોષવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ પ્લેટફોર્મ શરૂઆતમાં *National Teacher Platform* તરીકે ઓળખવામાં આવતું હતું. પરતું વર્ષ *2018* થી તેને *DIKSIIA* પોર્ટલ કે પ્લેટફોર્મ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્લેટફોર્મ દેશના મોટાભાગના રાજ્યોમાં તેમની જરૂરિયાત અનુસાર તેમની ભાષામાં સંસાધનો પ્રાપ્ત કરાવવામાં મદદરૂપ થાય છે. *DIKSIA*ની આ પ્રકારની કામગીરી માટે વિવિધ વિભાગો / વર્ટિકલ્સ રચવામાં આવેલ છે. જેની વિગત આ મુજબ છે.